This Question Paper contains 6 printed pages.

Seat No.: | | | | | | | |

Sl. No. : 100388

# 165(G)

**(March, 2019)**

***Time : 3 Hours]*** ***[Maximum Marks : 100***

સૂચનાઓ :

1) આ પ્રશ્નપત્રમાં કુલ 47 પ્રશ્નો છે.

2) બધા જ પ્રશ્નો ફરજિયાત છે. વિકલ્પો આંતરિક છે.

3) પ્રશ્નની સૂચના પ્રમાણે જ જવાબ લખવા.

## વિભાગ - A

■ **નીચેના 1 થી 10 સુધીના હેતુલક્ષી પ્રશ્નો છે. આપેલા વિકલ્પ (A, B, C, D) માંથી સાચો વિકલ્પ પસંદ કરીને લખો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

1) ભારતમાં કપાસના ઉત્પાદનમાં કયું રાજ્ય મોખરે છે ?

(A) ગુજરાત (B) રાજસ્થાન

(C) મધ્યપ્રદેશ (D) મહારાષ્ટ્ર

2) સૂકી ખેતીના છોડના બંધારણમાં કેટલા ટકા પાણી ?

(A) 70 થી 80 (B) 75 થી 90

(C) 60 થી 70 (D) 80%

3) કઈ દવા ઉંદરના પેટમાં ગયા પછી 4 થી 5 દિવસ પછી મરવાની શરૂઆત થાય છે ?

(A) વારાફરીન (B) સેલ્ફોસ

(C) ઝિંક ફોસ્ફાઇડ (D) ડી.ડી.ટી.

4) કપાસ જીનિંગ ફેક્ટરી ધારો કયારે અમલમાં આવ્યો ?

(A) 1825 (B) 1950

(C) 1925 (D) 1800

5) સૂકી ખેતીમાં કયા ખાતરોનો વધુ ઉપયોગ કરવામાં આવે છે ?

(A) સેન્દ્રીય ખાતર (B) અસેન્દ્રીય ખાતર

(C) કમ્પોસ્ટ ખાતર (D) નાઈટ્રોજનયુક્ત

6) 90 થી 100% ગામા આઇસોમોર વાળા બી.એચ.સી. કયા નામથી ઓળખાય છે ?

(A) ડી.ડી.ટી. (B) બ્રોડોમિશ્રણ

(C) આલ્કોહોલ (D) લીન્ડેન

7) દિવેલા ની ખેતીનું સંશોધન કેન્દ્ર કયાં આવેલ છે ?

(A) જૂનાગઢ (B) દાંતીવાડા

(C) આણંદ (D) નવસારી

8) સૂર્યની ગરમીની માવજત ઘઉંના બીજને આપતા કયો રોગ અટકાવાય છે ?

(A) ભૂરીક્ષારો (B) અરગટ

(C) અંગારીયો (D) રાતડો

9) ગુજરાતમાં મગફળીની ખેતીનો વિસ્તાર ક્યાં કેન્દ્રીત છે ?

(A) વડોદરા (B) સૌરાષ્ટ્ર

(C) સૂરત (D) ભરૂચ

10) વિવિધ પ્રકારના રોગનો નાશ કરવામાટે વપરાતી દવા કઈ છે ?

(A) કિટનાશી (B) ફુગનાશક

(C) કુન્તકનાશક (D) ઉંદરનાશક

## વિભાગ - B

■ **નીચેના 11 થી 20 સુધીના અતિ ટૂંકા પ્રશ્નો છે. જેના ઉત્તર એક વાક્યમાં લખો. દરેકનો 1 ગુણ છે.** **[10]**

11) 'ડેરીશ' નામના છોડમાંથી કઈ દવા બનાવવામાં આવે છે ?

12) બ્રોડોમિશ્રણ કઈ રીતે બનાવવામાં આવે છે ?

13) બ્રિડર બીજને બીજા કયા કયા નામથી ઓળખવામાં આવે છે ?

14) ગુજરાતમાં શણનું વાવેતર કયા કયા જિલ્લામાં વાવવામાં આવે છે ?

15) કપાસના બીજની માવજત માટે કઈ કઈ દવાનો પટ આપવામાં આવે છે ?

16) 1000 M.M. થી ઓછો વરસાદ પડતો હોય તેને કયો વિસ્તાર કહેવાય છે ?

17) બીજની માવજત ની વ્યાખ્યા.

18) કપાસના પાકમાં નિંદામણ ઉગેતે પહેલાં કઈ દવાનો છંટકાવ કરવો ?

19) આદિવાસી લોકોનો મુખ્ય ધાન્ય પાક કયો છે ?

20) ઇથિયોન દવા બજારમાં કયા કયા નામથી ઓળખાય છે ?

## વિભાગ - C

■ **નીચેના 21 થી 31 સુધીના ટૂંકા પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ આપો. દરેકના 2 ગુણ છે.** **[22]**

21) બીજને દવાની માવજત આપતી વખતે કઈ કઈ સાવચેતી રાખવી જોઈએ ?

22) ફોસ્ફામીડોન કઈ કઈ ઇયળો માટે જાણીતું છે ?

23) સૂકી ખેતીમાં ભેજની અછત હોય ત્યારે કયા પાકો પસંદ કરવામાં આવે છે ?

**અથવા**

ક્લોરડેન કયા કયા આઇસોમોરનું બનેલ છે ?

24) વધેલા ઝેરી ખોરાકથી કોને કોને દૂર રાખવામાં આવે છે ?

25) સૂકી ખેતી એટલે શું ?

26) કપાસના પાકમાં કયા કયા રોગો આવે છે ?

**અથવા**

આલ્ડ્રીકાર્બ દવાના રાસાયણિક નામ કયા કયા છે ?

27) દિવેલાતા ખોળમાં કયા કયા ઝેરી તત્વો આવેલા છે ?

28) મગફળીના ખોળમાં કયું તત્વ રહેલું છે ?

29) ચોળાના પાકની સુધારેલી જાતો જણાવો.

30) મકાઇનું વાવેતર કયા કયા જિલ્લામાં વિશેષ.

**અથવા**

D.D.T. માં કયા કયા ઝેરનો સમાવેશ થાય છે ?

31) શોષક ફુગનાશકો જમીન માં કયા રોગ સામે બીજને માવજત આપવા વપરાય છે ?

## વિભાગ - D

■ **નીચેના 32 થી 42 સુધીના લઘુ પ્રશ્નો છે. માગ્યા મુજબ જવાબ લખો. દરેકનો 3 ગુણ છે.** **[33]**

32) સેન્દ્રીય ખાતરના લાભાલાભ જણાવો.

33) બાજરીના કેટલાક ડુંડામાં દાણા બેસતા નથી કારણ આપો.

34) ગુજરાતમાં રાસાયણિક ખાતરો બનાવતી કંપનીના નામો જણાવી તેમાં કયા કયા ખાતરો બનાવાય છે જણાવો.

**અથવા**

કપાસની વીણી માટે સવારનો સમય શા માટે પસંદ કરવામાં આવે છે કારણ સમજાવો.

35) સૂકી ખેતીમાં ભેજનું મહત્વ સમજાવો.

36) રોગ અને જીવાત વિષે તફાવત લખો.

37) ઘરના ઉંદર મારવા માટે વારાફરીન દવાનો ઉપયોગ વધુ થાય છે - કારણ આપો.

**અથવા**

ડાંગરના ધરવાડીયા વિષે ટૂંક નોંધ લખો.

38) મગ; મઠ, વાલ, અડદ, ચણા કઠોળ પાકોની સુધારેલી જાતો જણાવો.

39) તાંબાયુક્ત ફુગનાશકો અને પારાયુક્ત ફુગનાશકો નો ભેદ જણાવો.

40) દવાની ખાલી ડબા જમીનમાં ઉંડે દાટી દેવામાં આવે છે કારણ આપો.

**અથવા**

સૂકી ખેતીની સમસ્યાઓ જણાવો.

41) પેટના ઝેર અને વાયુરૂપી ઝેરનો ભેદ સમજાવો.

42) કપાસના જૈવિક નિયંત્રણ વિશે ટૂંક નોંધ લખો.

## વિભાગ - E

■ **નીચેના 43 થી 47 સુધીના નિબંધ પ્રકારના પ્રશ્નો છે. જેના માગ્યા મુજબ જવાબ લખો. દરેક પ્રશ્નના 5 ગુણ છે.** **[25]**

43) કઠોળ વર્ગના ચોળાના પાકની ખેતી પધ્ધતિ સવિસ્તાર સમજાવો.

44) ઉત્તમ બીજના લક્ષણો જણાવી સવિસ્તાર સમજાવો.

**અથવા**

વનસ્પતિ વિષની બનાવટ અને વાપરવાની રીત જણાવો.

45) ધાન્ય વર્ગના મકાઈના પાકની ખેતી પધ્ધતિ સવિસ્તાર સમજાવો.

46) બ્રોડોમિશ્રણ વિષે ટૂંકનોંધ લખો.

**અથવા**

બીજને માવજત આપવાની પધ્ધતિઓ સમજાવો.

47) સૂકી ખેતીમાં ભેજ સંગ્રહની પધ્ધતિઓ જણાવી સવિસ્તાર સમજાવો.

◆◆◆